# 2. विना वृक्षं गृहं शून्यम्

[**પ્રસ્તાવના :** મહર્ષિ વેદવ્યાસ રચિત મહાભારતમાં અઢાર પર્વ છે. તેમાંના શાન્તિપર્વના અધ્યાય 184માં ભારદ્વાજ અને ભૃગુનો સંવાદ આવેલો છે. આ સંવાદમાંથી કેટલાંક પદ્યોને પસંદ કરીને અહીં મૂકવામાં આવ્યાં છે. એ પદ્યોમાં પ્રસ્તુત વિષય-વસ્તુનો ઉપસંહાર કરવા માટે છેલ્લે સંપાદિત પદ્યો પણ મૂક્યાં છે અને અંતે સંસ્કૃત સુભાષિત તરીકે જાણીતો એક અન્ય શ્લોક મૂક્યો છે.

મહાભારત એક પ્રકારે તો જ્ઞાનકોષ છે. તેમાં જુદા જુદા સંદર્ભે જુદા જુદા વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. શાન્તિપર્વમાં આવતા ભારદ્વાજ અને ભૃગુના આ સંવાદમાં મુખ્યત્વે તો પંચમહાભૂતોના ગુણોનું વિસ્તારપૂર્વક વર્ણન છે. આ વર્ણન દરમિયાન વૃક્ષમાં જીવ છે કે નહિ, એવો પ્રશ્ન ભારદ્વાજ ભૃગુને પૂછે છે. આ પ્રશ્નના ઉત્તરમાં ભૃગુએ જે કહ્યું છે, તે બહુ જ મહત્ત્વનું છે. ભૃગુના એ કથનમાં સ્પષ્ટ રીતે વૃક્ષમાં જીવ હોવાની વાત કરવામાં આવી છે. એ સાથે આ વાતની ખાતરી કરવા માટેના જે તર્ક આપ્યા છે, તેમનું પરીક્ષણ કોઈ પણ જાતની ભૌતિક પ્રક્રિયા કર્યા વગર સહુ કોઈ કરી શકે એમ છે.

ભૃગુના આ તર્કો માનવીય શરીર અને તેમાં ચાલી રહેલી પ્રક્રિયાની (વિશેષતઃ જ્ઞાનેન્દ્રિયોની) આસપાસ ફરે છે. માણસ જેમ પોતાની જુદી જુદી ઇન્દ્રિયોથી જુદા જુદા પ્રકારનાં જ્ઞાન મેળવી લે છે અને તે જ્ઞાન મુજબ વર્તન કરે છે, તેમ વૃક્ષ પણ કરે છે. આ વાત કહીને ભૃગુએ વૃક્ષમાં ચૈતન્ય-જીવ હોવાની માન્યતાને પ્રસ્થાપિત કરી આપી છે. અહીં જે પદ્ય છે, તે બધાં અનુષ્ટુપ્ છંદમાં છે.]

---

वल्ली वेष्टयते वृक्षं सर्वतश्चैव गच्छति।
न ह्यदृष्टेश्च मार्गोऽस्ति तस्मात् पश्यन्ति पादपाः ॥ १ ॥

पुण्यापुण्यैस्तथा गन्धैर्धूपैश्च विविधैरपि।
अरोगाः पुष्पिताः सन्ति तस्माज्जिघ्रन्ति पादपाः ॥ २ ॥

पादैः सलिलपानाच्च व्याधीनां चापि दर्शनात्।
व्याधिप्रतिक्रियत्वाच्च विद्यते रसनं द्रुमे ॥ ३ ॥

वक्त्रेणोत्पल-नालेन यथोर्ध्वं जलमाददेत्।
तथा पवनसंयुक्तः पादैः पिबति पादपः ॥ ४ ॥

सुखदुःखयोश्च ग्रहणाच्छिन्नस्य च विरोहणात्।
जीवं पश्यामि वृक्षाणामचैतन्यं न विद्यते ॥ ५ ॥

तेन तज्जलमादत्तं जरयत्यग्नि-मारुतौ।
आहारपरिणामाच्च स्नेहो वृद्धिश्च जायते ॥ ६ ॥

एतेषां सर्ववृक्षाणामुच्छेदं न तु कारयेत्।
संवर्धने विशेषेण प्रयतेत ह्यतन्द्रितः ॥ ७ ॥

यथा वृक्षः तथा पुत्रः सदा श्रेयस्करावुभौ।
विना वृक्षं गृहं शून्यं पुत्रहीनं कुलं तथा ॥ ८ ॥

एकेनापि सुवृक्षेण पुष्पितेन सुगन्धिना।
वासितं वै वनं सर्वं सुपुत्रेण कुलं यथा ॥ ९ ॥

## ટિપ્પણી

**वल्ली** વેલ (પર્યાય : लता, वल्लरी) **वेष्टयते ( वेष्ट् व.का. आ. अ. ए.व. )** વીંટળાય છે. **सर्वतः ( सर्व + तस् – त.प्र. अव्य. )** ચારે તરફથી **अदृष्टेः ( अदृष्टि स्त्री. पं.वि. ए.व. )** દૃષ્ટિ-નજરના અભાવથી **पादपाः** વૃક્ષો (પર્યાય : वृक्षः, तरुः, द्रुमः) **पुण्यापुण्यैः ( पुण्यं च अपुण्यं च – इ.द्व. )** પુણ્ય અને અપુણ્ય-પાપ વડે **धूपैः** ધૂપ વડે (અગ્નિ દ્વારા ફેલાતો સુગંધિત વાયુ) **अरोगाः ( न विद्यते रोगः येषाम् ते – बहु. )** નીરોગી, રોગ વગરના **पुष्पिताः** પુષ્પથી યુક્ત થયેલા **जिघ्रन्ति ( घ्रा > जिघ्र् व. अ. ब.व. )** સૂંઘે છે **पादैः ( पर्याय - चरणः )** પગ વડે, પગથી **सलिलपानात् ( सलिलस्य पानम् – ष.त. )** પાણી પીવાથી **व्याधीनाम् ( व्याधि पुं. ष.वि. ब.व. )** રોગોનો **दर्शनात्** દેખાવાથી **व्याधिप्रतिक्रियत्वात् ( व्याधीनाम् प्रतिक्रिया – व्याधिप्रतिक्रिया, ( ष.त. ) व्याधिप्रतिक्रियायाः भावः – व्याधिप्रतिक्रियत्वम् ( त.प्र. ), तस्मात् )** રોગનો પ્રતિકાર કરવાની ક્રિયાના કારણે **रसनम् ( रस्यते अनेन तत् रसनम् – कृ.प्र. )** રસનેન્દ્રિય, જીભ (જે સાધન દ્વારા રસન ક્રિયા કરવામાં આવે છે, તે સાધન અર્થાત્ જીભને રસન કહે છે.) **द्रुमे** ઝાડમાં **वक्त्रेण** મોઢેથી **उत्पलनालेन ( उत्पलस्य नालः – ष.त. )** કમળની દાંડીથી **आददेत् ( आ + दा विधि. अ. ए.व. )** લે છે (અહીં ખેંચે છે - એવો અર્થ છે.) **पवनसंयुक्तः ( पवनेन संयुक्तः – तृ.त. )** પવન-પ્રાણથી યુક્ત **ग्रहणात्** ગ્રહણ કરવાને કારણે (કારણ અર્થમાં પંચમી વિભક્તિ યોજાય છે.) **छिन्नस्य ( छिद् + क्त > न क.भू.कृ. )** કપાયેલાના **विरोहणात्** પાંગરવાને કારણે **जीवम्** જીવ, ચૈતન્ય **अचैतन्यम् ( न चैतन्यम् – नञ् त. )** ચેતનતાનો અભાવ **आदत्तम् ( आ + दा + क्त > त क.भू.कृ. )** લીધું, ખેંચ્યું **जरयति ( जृ व.का. प. अ. ए.व. )** પચાવે છે **अग्नि–मारुतौ ( अग्निः च मारुतः च – द्वन्द्व. )** અગ્નિ અને પવન **आहारपरिणामात् ( आहारस्य परिणामः – तस्मात्, ष.त. )** ખોરાકનું પરિણામ મળતું હોવાના કારણે **स्नेहः** સ્નિગ્ધતા **वृद्धिः** વધવું તે, વૃદ્ધિ **जायते ( जन् व.का. अ. ए.व. )** થાય છે, ઉત્પન્ન થાય છે. **उच्छेदम्** ઉચ્છેદ કરવો, વિનાશ કરવો **कारयेत् ( कृ ( प्रे. ) विधि. प. अ. ए.व. )** કરાવવું જોઈએ. કરાવવું. **संवर्धने** ઉછેરવામાં **विशेषेण** વિશેષરૂપથી **प्रयतेत ( प्र + यत् विधि. अ. ए.व. )** પ્રયત્ન કરવો. **हि** જ (નિશ્ચય બતાવવા માટે વપરાતો નિપાત) **अतन्द्रितः ( न तन्द्रितः – नञ् त. )** જાગતો રહેનાર - જાગતો રહીને **श्रेयस्करौ** કલ્યાણ કરનારા **गृहम्** ઘર **शून्यम्** શૂન્ય, ફોગટ **कुलम्** કુળ-પરિવાર **पुष्पितेन** ખીલેલા, જેના ઉપર ફૂલ ખીલેલાં છે તે **सुगन्धिना ( सुगन्धः अस्य अस्ति इति सुगन्धिन् ( त.प्र. ), तेन तृ.ए.व. )** સુગંધીથી **वासितम्** સુવાસિત બનેલું, મહેંકી ઊઠેલું **वै** (આ એક નિપાત છે. તે વાક્યની શોભા વધારવા માટે વપરાતો હોય છે. તે અનર્થક છે. આથી, તેનો કોઈ અર્થ આપવાનો રહેતો નથી.)

## સન્ધિ

सर्वतश्चैव (सर्वतः च एव)। ह्यदृष्टेश्च (हि अदृष्टेः च)। मार्गोऽस्ति (मार्गः अस्ति)। पुण्यापुण्यैस्तथा (पुण्यापुण्यैः तथा)। गन्धैर्धूपैश्च (गन्धैः धूपैः च)। विविधैरपि (विविधैः अपि)। तस्माज्जिघ्रन्ति (तस्मात् जिघ्रन्ति)। सलिलपानाच्च (सलिलपानात् च)। व्याधिप्रतिक्रियत्वाच्च (व्याधिप्रतिक्रियत्वात् च)। वक्त्रेणोत्पलनालेन (वक्त्रेण उत्पलनालेन)। यथोर्ध्वम् (यथा उर्ध्वम्)। सुखदुःखयोश्च (सुखदुःखयोः च)। ग्रहणाच्छिन्नस्य (ग्रहणात् छिन्नस्य)। तज्जलमादत्तम् (तत् जलम् आदत्तम्)। जरयत्यग्नि–मारुतौ (जरयति अग्निमारुतौ)। आहारपरिणामाच्च (आहारपरिणामात् च)। स्नेहो वृद्धिश्च (स्नेहः वृद्धिः च) ह्यतन्द्रितः (हि अतन्द्रितः)। श्रेयस्करावुभौ (श्रेयस्करौ उभौ)। एकेनापि (एकेन अपि)।

## વિશેષ

**1. पादपः :** વૃક્ષને માટે વપરાતો શબ્દ. વૃક્ષને પાદપ એટલા માટે કહે છે કે તે પગથી પાણી પીવે છે. વૃક્ષના પગ એટલે વૃક્ષનાં મૂળ. વૃક્ષ પોતાનાં મૂળ દ્વારા જમીનમાં રહેલા પાણીને ગ્રહણ કરે છે - પીવે છે.

આ રીતે મૂળ દ્વારા પાણીને ગ્રહણ કરીને સમગ્ર શરીરમાં પહોંચાડવાની પ્રક્રિયા વૃક્ષના શરીરમાં ગોઠવાયેલી છે. આ પ્રક્રિયા તરફ ધ્યાન દોરીને આચાર્ય ભૃગુ ભારદ્વાજને વૃક્ષમાં રહેલા ચૈતન્યનો સ્વીકાર કરાવે છે. (સચેતન શરીરમાં પાણી ગ્રહણ કરવાનું અને સમગ્ર શરીરમાં તે પાણીને ફરતું કરવાનું કાર્ય શક્ય છે, તે સિવાય નહિ. આ ઉપરથી વૃક્ષમાં ચૈતન્ય છે એ વાત પુરવાર થાય છે.)

**2. पुत्रहीनं कुलं तथा** – પુત્ર વગરનું કુળ હોય તેમ. (અહીં પુત્ર શબ્દથી પુત્ર અને પુત્રી બંને અભિપ્રેત છે.) કોઈ કુળ ધન-ધાન્ય, વસ્ત્ર-અલંકાર, રાચ-રચીલાથી ભરપૂર હોય, પણ જો એ કુળમાં સંતાન ન હોય, તો આ બધી વસ્તુઓના અસ્તિત્વનો કોઈ મતલબ રહેતો નથી. આવા ઘરને તો શૂન્ય-ખાલીખમ, ફોગટ માનવામાં આવે છે. એવી જ રીતે જો કોઈ ઘરમાં બધું જ હોય, પણ આંગણમાં વૃક્ષ ન હોય, તો તે ઘર (રાચ-રચીલાથી ભરેલું હોવા છતાં, તે) ને શૂન્ય (ખાલીખમ) સમજવું જોઈએ, એવો આશય અહીં વ્યક્ત થયો છે.

## સ્વાધ્યાય

**1. अधोलिखितानां प्रश्नानां संस्कृतभाषया उत्तराणि लिखत ।**

(1) का वृक्षं वेष्टयते ?

(2) आहारपरिणामात् किं किं जायते ?

(3) कस्मिन् कार्ये अतन्द्रितः प्रयतेत ?

(4) कौ श्रेयस्करौ स्तः ?

(5) कीदृशं गृहं शून्यम् अस्ति ?

**2. यथास्वं विकल्पं चित्वा उत्तरं लिखत ।**

(1) वल्ली वृक्षं ............... गच्छति।

(क) एकतः (ख) सर्वतः (ग) उभयतः (घ) अन्यतः

(2) सलिलपानात् इति पदस्य कः अर्थः ?

(क) जलस्य पानात् (ख) जलेन पानात् (ग) जले पानात् (घ) जलं पानात्

(3) पादपः पादैः किं करोति ?

(क) खादति (ख) पिबति (ग) चलति (घ) गच्छति

(4) वृक्षाणाम् ............... न विद्यते।

(क) सत्ता (ख) रूपम् (ग) अचैतन्यम् (घ) चैतन्यम्

(5) वृक्षाणाम् ............... न कारयेत्।

(क) पालनम् (ख) छादनम् (ग) उच्छेदम् (घ) पोषणम्

(6) यथा वृक्षः तथा ............... ।

(क) वनम् (ख) पुत्रः (ग) जलम् (घ) धनम्

**3. માતૃભાષામાં વિગતે ઉત્તર આપો :**

(1) વૃક્ષ જુએ છે, એ કેવી રીતે કહી શકાય ?

(2) વૃક્ષમાં રસન છે, એ શાથી સિદ્ધ થાય છે ?

(3) કયાં કયાં કારણો આપીને વૃક્ષમાં ચૈતન્યની સિદ્ધિ કરવામાં આવી છે ?

(4) વૃક્ષે પીધેલા પાણીનું શું થાય છે ?

(5) વૃક્ષ સાથે આપણે કેવો વ્યવહાર કરવો જોઈએ ?

**4. સમીક્ષાત્મક નોંધ લખો :**

(1) વૃક્ષના ચૈતન્યની સિદ્ધિનાં કારણો

(2) વૃક્ષનો મહિમા

**5. સંદર્ભ સહિત સમજૂતી આપો :**

(1) तस्माज्जिघ्रन्ति पादपा: ।

(2) पादैः पिबति पादप: ।

(3) एतेषां सर्ववृक्षाणाम् उच्छेदं न तु कारयेत् ।

(4) वृक्षहीनं गृहं शून्यं पुत्रहीनं कुलं तथा ।

●